SSC જુલાઇ પૂરક - 2023
ગુણચકાસણી / દફતર ચકાસણી
ગુણપત્રક / પ્રમાણપત્ર વિતરણ

ક્રમાંક:મઉમશબ/માધ્યમિક/એચ./જુલાઇ/પૂરક-2023/ 931
ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,
સેકટર-10/બી, સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા:-28/07/2023

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ, ગુજરાત રાજ્ય.

વિષય:- ધો.10 જુલાઇ પૂરક-2023ની પરીક્ષાની ગુણચકાસણી / દફતર ચકાસણીની કામગીરી તથા પરિણામના ગુણપત્રક / પ્રમાણપત્ર / S.R. તથા માર્ચ-2023ના પ્રમાણપત્રો વિતરણ કરવા બાબત

માનનીયશ્રી,

જયભારત ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, જુલાઇ પૂરક-2023માં ધો.10 એસ.એસ.સી. પરીક્ષાના એક અથવા બે વિષયમાં ઉપસ્થિત ઉમેદવારોની પરીક્ષાનું પરિણામ તારીખ:-28/07/2023ના રોજ ઓનલાઇન જાહેર કરવામાં આવેલ છે. પરિણામ બાદ પરીક્ષા આપનાર ઉમેદવારો માટે ગુણચકાસણી અને દફતર ચકાસણી તથા માર્ચ-2023ની ધો.10ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોના પ્રમાણપત્ર અને જુલાઇ પૂરક - 2023ની પરીક્ષામાં ઉપસ્થિત ઉમેદવારોના ગુણપત્રક/પ્રમાણપત્રના વિતરણની કાર્યવાહી કરવા નીચે મુજબની સૂચનાઓ પરિપત્રીત કરવામાં આવે છે. જેને ધ્યાને લઇ સ્થાનિક કક્ષાએ જવાબદારોને જણાવવું અને કાર્યવાહી થાય તેમ કરવા વિનંતી.

ગુણચકાસણી બાબત :-

જુલાઇ પૂરક - 2023ના એક - બે અનુત્તીર્ણ ઉમેદવારનું ધો.10નું ઓનલાઇન પરિણામ તારીખ:-28/07/2023ના રોજ જાહેર થયેલ છે. પરિણામ બાદ સૂચના મુજબ બોર્ડની વેબસાઇટ www.gseb.org પર ઓનલાઇન ગુણચકાસણીનું આવેદન ભરી શકાશે. આ માટે ઑફલાઇન / રજી. પોસ્ટ કે રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહીં. ગુણચકાસણીનું ઓનલાઇન રજીસ્ટ્રેશન તારીખ:-04/08/2023થી તારીખ:-10/08/2023 સુધી કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. ગુણચકાસણીની જરૂરી ફી એક વિષય દીઠ 100/- રૂ. લેખે ઓનલાઇન પેમેન્ટ માધ્યમે કરવાની છે. અરજી કરવા બાબતે વિગતવાર સૂચનાઓ બોર્ડની વેબસાઇટ પર મુકેલ છે.

દફતર ચકાસણી બાબત :-

ધો.10 જુલાઇ પૂરક - 2023ના પરિણામ બાદ દફતર ચકાસણીની કાર્યવાહી જેમાં કે ઉમેદવારને આપેલા (બોર્ડ દ્વારા લેવામાં આવતી પરીક્ષાના એક-બે વિષયોમાંથી જ) ગુણપત્રકમાં કોઇ અમુક વિષયમાં અનુપસ્થિત નોંધવામાં આવ્યો હોય તે અથવા ઉત્તરવહી પર ખોટો બેઠક ક્રમાંક લખ્યો છે કે અમુક વિષયમાં અન્ય ઉમેદવારના બેઠક નંબરથી પરીક્ષા આપેલ છે તેવા કિસ્સામાં ઉમેદવાર દ્વારા જે શાળામાંથી આવેદનપત્ર ભરેલ હોય તે શાળામાંથી આ સાથે બિડેલ પરિશિષ્ટ - 9 માં દરખાસ્ત કરવાની રહેશે અને તેમાં માંગેલ તમામ આધારોનું બિડાણ કરી

તારીખ:-28/07/2023થી તારીખ:-08/08/2023 સુધી બોર્ડની માધ્યમિક શાખામાં "મદદનીશ સચિવ" માધ્યમિક શાખા, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર (દફતર દરખાસ્ત) એમ લખીને રૂબરૂ કે રજીસ્ટર્ડ ટપાલ દ્વારા મળી જાય તે રીતે મોકલવાની છે. સમયમર્યાદા બાદ આવેલ દરખાસ્તોને ધ્યાને લેવામાં આવશે નહીં. દફતર ચકાસણીની દરખાસ્તો માટે બોર્ડ દ્વારા કોઇ ફી નિર્ધારિત કરવામાં આવેલ નથી.

સમયમર્યાદામાં બંને કામગીરી થાય તે બાબતની સૂચના આપના તાબાની તમામ માધ્યમિક શાળાઓને થાય તેવી કાર્યવાહી કરવા વિનંતી.

➢ ગુણપત્રક / પ્રમાણપત્ર / S.R. વિતરણ બાબતની સૂચનાઓ:-

1. માર્ચ-2023ના પરિણામના પ્રમાણપત્રો અને જુલાઇ પૂરક-2023ના ગુણપત્રકો અને પ્રમાણપત્રો તથા S.R. શાળા વાઇઝ પેકીંગ કરવામાં આવેલ છે. વિતરણ માટે જિલ્લા કક્ષાએ પહોંચાડવામાં આવેલ તે જ રીતે માર્ચ-2023ના પ્રમાણપત્રો અને જુલાઇ પૂરક-2023ના ગુણપત્રકો અને પ્રમાણપત્રો તથા S.R. શાળા વાઇઝ જિલ્લા કક્ષાએ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ મોકલી આપવામાં આવશે. ત્યારબાદ આપની કક્ષાએથી માર્ચ-2023ના પરિણામના પ્રમાણપત્રો અને જુલાઇ પૂરક-2023ના ગુણપત્રકો અને પ્રમાણપત્રો તથા S.R. સમયસર શાળા કક્ષાએ વિતરણ થઇ જાય તેવી વ્યવસ્થા ગોઠવવા વિનંતી.
2. શાળા કક્ષાએ ગુણપત્રક / પ્રમાણપત્ર પહોંચ્યા બાદ ઉમેદવારોને સમયસર મળી રહે તેવી કામગીરી કરવા શાળાઓને તાકિદ કરવા વિનંતી.
3. માર્ચ-2023ના પરિણામ પ્રમાણપત્રો અને જુલાઇ પૂરક-2023ના ગુણપત્રકો અને પ્રમાણપત્રો તથા S.R.ના થેલા ગાંધીનગર બોર્ડ કચેરી ખાતેથી મેળવવા અત્રેથી કચેરી આદેશ કરી જાણ કરવામાં આવશે તે પ્રમાણે જ્યાં જે-તે જિલ્લાના બોર્ડના પ્રતિનિધિના કચેરી આદેશ કરવામાં આવશે તેઓએ જિલ્લા કક્ષાએથી વાહન મેળવી સમયસર ગાંધીનગર કચેરીએ પહોંચે તે બાબતની જાણ સંબંધિતોને કરવાની રહેશે અને જિલ્લા કક્ષાએ ગુણપત્રક / પ્રમાણપત્રના રીસીવીંગ કરનાર અધિકારીશ્રીને આપની કક્ષાએથી સૂચના આપશો જેથી તે મેળવી સમયસર વિતરણ થાય તેવી વ્યવસ્થા ગોઠવાઇ શકે.
4. શાળાઓ દ્વારા જ્યારે પરિણામના પેકેટ જિલ્લા કક્ષાએ નક્કીકરેલા સ્થળ પરથી મેળવવામાં આવે ત્યારે શાળાના પરીક્ષામાં સામેલ ઉમેદવારોના ગુણપત્રક / પ્રમાણપત્રની ચકાસણી કરી જો કોઇ શાળાને ગુણપત્રક / પ્રમાણપત્ર / S.R. મળેલ ન હોય તો દિન-05માં અત્રેની કચેરીના ઇ-મેઇલ આઇ.ડી. ssc10exam2023@gmail.com પર શાળાએ લેટરહેડ પર લખી મેઇલ કરવાનો રહેશે, જેથી સમયસર તેઓની રજૂઆત પર કાર્યવાહી કરી શકાય.

નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

બિડાણ:- પરિશિષ્ટ – 9

સવિનય નકલ રવાના જાણ સારૂં:-

1. માનનીય અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ, ગાંધીનગર
2. માનનીય નિયામકશ્રી (પરીક્ષા), ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ, ગાંધીનગર

પરિશિષ્ટ-9 (દફતર ચકાસણી અરજીનો નમૂનો)

ગેરહાજર દર્શાવેલ અને તેવા કેસોમાં દફતર ચકાસણી માટે કરવાની અરજીનો નમૂનો

(સમયમર્યાદામાં મોકલેલી દફતર ચકાસણીની અરજીઓ ફી ભરવાની રહેતી નથી.)

દરખાસ્ત નંબર	

પ્રતિ,

પરીક્ષા સચિવશ્રી,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

માધ્યમિક પરીક્ષા વિભાગ,

સેકટર-10/બી, સચિવાલય પાસે,

ગાંધીનગર.

<u>વિષય:-</u> જુલાઇ પૂરક-2023ની પરીક્ષામાં માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા દફતરની ચકાસણી બાબત

શ્રીમાન,

સવિનય હું જુલાઇ પૂરક-2023ની ધો.10 એસ.એસ.સી.ની માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા માટે દફતર ચકાસણી માટે અરજી કરું છું, જેની વિગતો નીચે પ્રમાણે છે.

1. જે વિષયમાં દફતર ચકાસણી કરાવવી હોય તે વિષયનું નામ .....
2. કઇ ભાષામાં આ વિષયના પેપરમાં જવાબ આપ્યા છે. .....
3. ગુણપત્રકમાં આ વિષયની શું સ્થિતિ દર્શાવી છે ? .....
4. પરીક્ષાનું કેન્દ્ર અને બેઠક નંબર .....
5. જો ઉમેદવારે જવાબવહી ઉપર ખોટો બેઠક નંબર લખ્યો હોય તો જવાબવહી ઉપર જે બેઠક નંબર લખ્યો હોય તે પુરાવા સહિત જણાવશો. .....
6. ઉમેદવારનું સંપૂર્ણ નામ (અટક સાથે) .....
7. ઉમેદવારનું સરનામું .....
8. જે વિષયમાં દફતર ચકાસણી માટે અરજી કરી હોય તે વિષયના ગમે તે સવાલના જવાબ દર્શાવતું આખું પાન ભરીને તેના નમૂના દાખલા હસ્તાક્ષર તે નીચે તેમની તથા આચાર્યશ્રીની સહી સહિતના સામેલ કરવા. .....
9. અરજી સાથે ઉમેદવારની ગુણપત્રકની નકલ તેમજ ફી રસીદની ઝેરોક્ષ નકલ અચૂક મોકલવી. .....

ઇતર નોંધ : .....

આપનો વિશ્વાસુ,

ઉમેદવારની સહી

સવિનય રવાના , મેં. આચાર્યશ્રી મારફત

ક્રમાંક : .....

તારીખ : .....

શાળાનો ઇન્ડેક્ષ નંબર : - .....

સ્થળ : .....

તારીખ : .....

.....

શાળાના વડાની સહી / સિક્કો